# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૪ તા.૨૭-૭-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અમદાવાદ શહેરમાં હાલમાં ભારે વરસાદ પડી રહ્યો છે અને આગામી ૨૪ કલાક દરમ્યાન પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી હોઈ અગમચેતીના પગલા રૂપે અમદાવાદ શહેર અને જિલ્લા વહીવટી તંત્રના પરામર્શ દ્વારા થયેલ નિર્ણય અનુસાર આજરોજ મ્યુનિ. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવેલ છે. તદ્ઉપરાંત આવતીકાલે તા.૨૮-૭-૧૭ને શુક્રવારના રોજ પણ મ્યુનિ. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. જે અંગેની જાણ તાકીદે વાલીઓને કરવાની રહેશે.

શાળામાં શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓએ જે-તે શાળા કચેરી ખાતે હાજર રહી અસરગ્રસ્તો માટે મ્યુનિ. કોર્પોરેશન કે જિલ્લા કલેકટરશ્રીના વહીવટી તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની જરૂરિયાત જણાય તો તેઓને મદદરૂપ થવા તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી અને સ્થાનિક તંત્રની સૂચના મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

જે શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કર્મચારીઓ પોતાના રહેઠાણથી ફરજ ઉપર હાજર થઈ શકે તેમ ન હોય તો તેમને નજીકની મ્યુનિ. શાળા કે ઝોન કચેરીમાં હાજર થવાનું રહેશે. તે અંગેની જાણ મુખ્ય શિક્ષક કે વડા અધિકારીને કરવાની રહેશે.

શાળાના વર્ગખંડોમાં,લોબી,દાદર, સેનિટેશન બ્લોક, પીવાનાપાણીની ટાંકી, પગી કવાટર જેવા મકાનમાં કોઈપણ ભાગ ભયજનક જણાય તો તે તરફ સલામતિના પગલાં રૂપે જે-તે ભાગને કોર્ડન કરી તાકિદે અત્રેની કચેરી તેમજ મ્યુનિ. કોર્પોરેશનના જે-તે ઝોનમાં જાણ કરવાની રહેશે.

શાળાના ઈલેકટ્રીક ઉપકરણો(ટી.વી., કોમ્પ્યુટર,લાઈટ-પંખા વગેરે)માં શોર્ટસર્કિટ જેવા બનાવ ન બને તે માટે જરૂરી કાળજી લેવી.

તા.૨૭-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી